# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 29-01-2026** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

****************************************************

1) લોકસભામાં રજૂ કરાયેલા આર્થિક સર્વેમાં નાણાકીય વર્ષ 2025-26 માં દેશનો GDP દર 7.4 ટકા રહેવાનો અંદાજ.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, ભારત-યુરોપીયન સંઘ મુક્ત વેપાર કરાર આત્મવિશ્વાસપૂર્ણ, સ્પર્ધાત્મક અને ઉત્પાદક ભારત તરફ એક મહત્વપૂર્ણ પગલું છે

3) 77મા પ્રજાસત્તાક દિવસની ઉજવણીના સમાપન નિમિત્તે નવી દિલ્હીમાં બીટિંગ રીટ્રીટ સમારોહ યોજાયો.

4) અમેરિકાએ પોતાના નાગરિકોને સુરક્ષાના કારણોસર પાકિસ્તાનની મુસાફરી કરવાની યોજના અંગે પુનર્વિચાર કરવા વિનંતી કરી.

5) 77-મા પ્રજાસત્તાક દિવસ નિમિત્તે નવી દિલ્હીમાં યોજાયેલી પરેડમાં ગુજરાતના ટૅબ્લોએ સતત ચોથા વર્ષે પ્રથમ ક્રમાંક મેળવીને ઇતિહાસ સર્જ્યો.

6) મહિલાઓની પ્રીમિયર લીગમાં ચેલેન્જર્સ બેંગ્લુરુની ટીમે ટોસ જીતીને પ્રથમ બોલિંગ પસંદ કરી.

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# ECONOMY SURVEY

નાણાકીય વર્ષ 2025-26 માં દેશનો વાસ્તવિક કુલ ઘરેલુ ઉત્પાદન - GDP વૃદ્ધિ દર 7.4 ટકા રહેવાનો અંદાજ છે. નાણાકીય વર્ષ 2026-27 માં વૃદ્ધિ દર 6.8 થી 7.2 ટકાની વચ્ચે રહેવાની ધારણા છે. આ અંદાજ કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતારમણે આજે સંસદમાં રજૂ કરાયેલા આર્થિક સર્વેક્ષણમાં વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ અંગે સાંભળીએ એક અહેવાલ........

(વોઈસકાસ્ટ – અજય ઈન્દ્રેકર)

(આર્થિક સર્વેક્ષણ મુજબ, ભારતીય અર્થતંત્રે નાણાકીય વર્ષ 2025-26 માં મજબૂત વૃદ્ધિ ગતિ જાળવી રાખી હતી. અગ્રિમ અનુમાન મુજબ, વાસ્તવિક GDP વૃદ્ધિ 7.4 ટકા રહેવાનો અંદાજ છે, જેમાં સ્થાનિક માંગ નોંધપાત્ર યોગદાન આપી રહી છે. ખાનગી વપરાશ અને મૂડીનિર્માણ વૃદ્ધિને ટેકો આપી રહ્યા છે, જ્યારે પુરવઠા બાજુએ સેવાઓ મુખ્ય ફાળો આપી રહી છે. ઉત્પાદન પ્રવૃત્તિ મજબૂત થઈ છે. કૃષિ ક્ષેત્રે સ્થિરતા પ્રદાન કરી છે. સર્વેક્ષણમાં જણાવાયું છે કે મુખ્ય અર્થતંત્રોમાં ભૂરાજકીય તણાવ અને વેપાર વિક્ષેપોને કારણે વૈશ્વિક આર્થિક વાતાવરણ અનિશ્ચિત રહે છે. જો કે, પ્રતિકૂળ પરિસ્થિતિઓ છતાં વૈશ્વિક આર્થિક પ્રવૃત્તિએ નજીકના ગાળામાં સ્થિરતા દર્શાવી છે. આર્થિક સર્વેક્ષણ મુજબ, દેશનું તાજેતરનું આર્થિક પ્રદર્શન દર્શાવે છે કે વૈશ્વિક ઉથલપાથલ છતાં વ્યાપક આર્થિક સ્થિરતા અને વૃદ્ધિ જાળવી શકાય છે. અનુકૂળ ચોમાસાની પરિસ્થિતિઓને કારણે, કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ નાણાકીય વર્ષ 2025-26 માં 3.1 ટકાના દરે વૃદ્ધિ પામવાનો અંદાજ છે. સર્વેક્ષણમાં જણાવાયું છે કે ગ્રાહક ભાવ સૂચકાંક પર આધારિત એકંદર ફુગાવો ઘટીને 1.7 ટકા થયો છે, જે મુખ્યત્વે શાકભાજી અને કઠોળના ભાવમાં સુધારો થવાને કારણે છે. સર્વેક્ષણ મુજબ, ફુગાવાની સ્થિતિ અનુકૂળ રહેવાની અપેક્ષા છે. અજય ઈન્દ્રેકર આકાશવાણી સમાચાર અમદાવાદ)

નાણામંત્રીએ આર્થિક સર્વે રજૂ કર્યા પછી, ગૃહને દિવસભર માટે સ્થગિત કરવામાં આવ્યું. ગૃહનું આગામી સત્ર રવિવાર, પહેલી ફેબ્રુઆરીના રોજ યોજાશે, આ દિવસે કેન્દ્રીય બજેટ 2026-27 રજૂ કરવામાં આવશે. બજેટ સત્રનો પ્રથમ તબક્કો 13 ફેબ્રુઆરી સુધી ચાલશે. બીજો તબક્કો 9 માર્ચથી 2 એપ્રિલ સુધી યોજાશે. બજેટ સત્ર દરમિયાન 30 બેઠકો થશે.

. . . . . . . . . . . . .

# CEA-ECONOMIC SURVEY

મુખ્ય આર્થિક સલાહકાર વી. અનંત નાગેશ્વરને જણાવ્યું હતું કે સામયિક શ્રમ બળ સર્વે શરૂ થયા પછી દેશમાં રોજગારની સ્થિતિમાં સુધારો થયો છે . આજે નવી દિલ્હીમાં આર્થિક સર્વેક્ષણ 2025-26 પર પત્રકારોને સંબોધતા , શ્રી નાગેશ્વરને જણાવ્યું હતું કે બેરોજગારીનો દર 2023-24 માં 6 ટકાથી ઘટીને 3.2 ટકા થયો છે.

તેમણે ઉમેર્યું હતું કે મહિલા શ્રમ બળ ભાગીદારીમાં આશરે 18 ટકાનો વધારો થયો છે . શ્રી નાગેશ્વરને જણાવ્યું હતું કે બેરોજગારીનો દર વર્ષના પ્રથમ નવ મહિનામાં 5.4 ટકાથી ઘટીને છેલ્લા ત્રિમાસિકમાં 4.9 ટકા થયો છે. તેમણે જણાવ્યું હતું કે અસ્થિર વૈશ્વિક પરિદૃશ્યમાં ભારતનું અર્થતંત્ર મજબૂત રીતે ઊભું છે.

તેમણે કહ્યું કે વાસ્તવમાં , કુલ નિશ્ચિત મૂડી નિર્માણ નાણાકીય વર્ષ ૨૦૨૫ કરતા નોંધપાત્ર રીતે સારું પ્રદર્શન કરે તેવી અપેક્ષા છે.

. . . . . . . . . . . . .

# VICE PRESIDENT

ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના અધ્યક્ષ સી .પી. રાધાકૃષ્ણને સભ્યોને ઉચ્ચ સંસદીય શિષ્ટાચાર જાળવવા વિનંતી કરી . જેથી સંસદીય દેખરેખ મજબૂત બને અને ઉપલા ગૃહમાં સૂચિબદ્ધ કાર્યસૂચિનું યોગ્ય સંચાલન થાય.

રાજ્યસભા સત્રની શરૂઆતમાં શૂન્ય કલાક દરમિયાન પોતાના પ્રારંભિક ભાષણમાં, શ્રી રાધાકૃષ્ણને કહ્યું કે ભારત ની લોકશાહી વિવિધ વિચારો અને જીવંત ચર્ચાથી પ્રેરિત છે . વિચારોનું આદરપૂર્ણ આદાન -પ્રદાન અને રચનાત્મક ચર્ચા આપણા સંસદીય પ્રવચનની ઓળખ હોવી જોઈએ.

શ્રી રાધાકૃષ્ણને કહ્યું કે તેઓ આ સત્રને ફળદાયી બનાવવા અને સમૃદ્ધ , આત્મનિર્ભર અ ને વિકસિત ભારત તરફ એક નક્કર પગલું ભરવા માટે તમામ સંસદીય પક્ષોના નેતાઓ અને સભ્યોના સંપૂર્ણ સહયોગની અપેક્ષા રાખે છે.

. . . . . . . . . . . . .

# SHIVRAJ – ECONOMY SURVEY

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આજે જણાવ્યું હતું કે આર્થિક સર્વેક્ષણ ૨૦૨૫-૨૬ દેશના સમાવેશી અને ટકાઉ વિકાસને પ્રતિબિંબિત કરે છે. નવી દિલ્હીમાં તેમના નિવાસસ્થાને પત્રકારોને સંબોધતા ચૌહાણે કહ્યું કે આ સમીક્ષા માત્ર આંકડાકીય અહેવાલ નથી , પરંતુ સરકારના પ્ર યાસો અને પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ પણ છે.

તેમણે કહ્યું કે કૃષિ અને ગ્રામીણ વિસ્તારો દેશના વિકાસના એન્જિન છે. છેલ્લા પાંચ વર્ષમાં દેશમાં કૃષિ વિકાસ દર ૪.૪ ટકા રહ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ વિવિધ યોજનાઓનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે સરકાર અંત્યોદય અને વિકસિત ભારતના સંકલ્પને આગળ વધારી રહી છે.

. . . . . . . . . . . . .

# INDIA-EU- PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ભારત-યુરોપીયન સંઘ મુક્ત વેપાર કરાર આત્મવિશ્વાસપૂર્ણ , સ્પર્ધાત્મક અને ઉત્પાદક ભારત તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. શ્રી મોદીએ આજે બજેટ સત્રના બીજા દિવસે નવી દિલ્હીમાં સંસદ ભવનના સંકુલમાં પત્રકારોને સંબોધતા આ નિવેદન આપ્યું હતું.

(બાઇટ – પીએમ, FTA)

આ ત્રિમાસિકની શરૂઆતમાં ભારત અને યુરોપિયન સંઘ વચ્ચેનો કરાર ભવિષ્ય કેટલું ઉજ્જવળ છે તેની ઝલક દર્શાવે છે. આ મહત્વાકાંક્ષી ભારત માટે મુક્ત વેપાર, મહત્વાકાંક્ષી યુવાનો માટે મુક્ત વેપાર, આત્મનિર્ભર ભારત માટે મુક્ત વેપાર છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે મુક્ત વેપાર કરારે એક નવું બજાર ખોલ્યું છે , અને દેશના ઉત્પાદકોએ તેનો લાભ લેવો જોઈએ.

(બાઇટ - પીએમ UN બજાર)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# PM MODI-DEVE GOWDA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પૂર્વ પ્રધાનમંત્રી એચ.ડી. દેવગૌડા સાથે મુલાકાત કરી. સોશિયલ મીડિયા  સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે મુખ્ય મુદ્દાઓ પર દેવગૌડાના વિચારો પ્રશંસનીય હતા. તેમણે રાષ્ટ્રીય વિકાસ માટેના પૂર્વ પ્રધાનમંત્રીના ઉત્સાહની પ્રશંસા કરી.

. . . . . . . . . . . . .

# BEATING RETREAT 2026

77મા પ્રજાસત્તાક દિવસની ઉજવણીના સમાપન પ્રસંગે આજે નવી દિલ્હીના વિજય ચોક ખાતે બીટિંગ રીટ્રીટ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું . આ સમારોહમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ , ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને કેન્દ્રીય મંત્રીઓ હાજર રહ્યા હતા . સશસ્ત્ર દળોના બેન્ડે વંદે માતરમ , ભારત કે શાન, એ વતન, એ વતન અને સારે જહાં સે અચ્છા જેવા દેશભક્તિના ગીતોની ધૂન પર મંત્રમુગ્ધ કરી દે તેવા કાર્યક્રમો રજૂ કર્યા..

. . . . . . . . . . . . .

# US ADVISORY

અમેરિકાના વિદેશ વિભાગે  પાકિસ્તાનની મુસાફરી કરવાની યોજના બનાવી રહેલા અમેરિકન નાગરિકોને સુરક્ષા ચિંતાઓને કારણે તેમની મુસાફરી યોજનાઓ પર પુનર્વિચાર કરવા વિનંતી કરી છે. તેની     માર્ગદર્શિકામાં, વિભાગે મુસાફરોને ગુના, નાગરિક અશાંતિ, આતંકવાદ અને અપહરણના ભયને કારણે પાકિસ્તાનની મુસાફરી કરતા પહેલા મુસાફરીનો વિચાર કરવાની સલાહ આપી હતી.

. . . . . . . . . . . . .

# GUJ TABLEAU FIRST NUMBER

નવી દિલ્હીના કર્તવ્ય પથ પર 77-મા પ્રજાસત્તાક દિવસ નિમિત્તે યોજાયેલી પરેડમાં ગુજરાતના ટૅબ્લોએ ઇતિહાસ સર્જ્યો છે. ગુજરાતના ટૅબ્લોએ "પૉપ્યુલર ચૉઇસ એવોર્ડ " શ્રેણીમાં સતત ચોથા વર્ષે પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. અગાઉ વર્ષ 2023, 2024 અને 2025માં એમ સળંગ ત્રણ વર્ષ ગુજરાતના ટેબ્લો આ જ શ્રેણીમાં પ્રથમ પુરસ્કાર મેળવી ચૂક્યા છે.

ઉલ્લેખનીય છે કે , રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતના 'સ્વતંત્રતા કા મંત્રઃ વંદે માતરમ્' વિષયવસ્તુ આધારિત ટૅબ્લોએ ભારે ઉત્સુકતા અને આકર્ષણ જમાવ્યું હતું.

. . . . . . . . . . . . . .

# WPL CRICKET VADODARA

મહિલાઓની પ્રીમિયર લીગ – WPL ટી-20 ક્રિકેટમાં આજે રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરૂ અને યુપી વૉરિયર્ઝ વચ્ચે મુકાબલો થશે. વડોદરામાં કોટમ્બીના BCA સ્ટૅડિયમમાં હમણાં વાગ્યે આ 18-મી મૅચ શરૂ થશે.

સ્મૃતિ મંધાનાની આગેવાની હેઠળની બેંગ્લુરુની ટીમે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે.

છેલ્લા મળતાં અહેવાલ મુજબ યુપી વોરિયર્સે 5.3 ઓવરમાં વિના વિકેટ 49 રન કર્યાં છે.

. . . . . . . .

# MEA - FISHERMEN

ભારત અને બાંગ્લાદેશે આજે  બંન્ને દેશોમાં જેલમાં બંધ રહેલા માછીમારોને મુક્ત કર્યાં છે.  23 ભારતીય માછીમારો અને  128 બાંગ્લાદેશી માછીમારોને તેમના જહાજો સાથે સફળતાપૂર્વક મુક્ત કર્યા અને સ્વદેશ પરત મોકલ્યા.

માછીમારો અને તેમના જહાજોનું આ પારસ્પરિક આદાનપ્રદાન બંને બાજુના માછીમાર સમુદાયોની માનવતાવાદી અને આજીવિકાની ચિંતાઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું હતું.

વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે સરકાર ભારતીય માછીમારોની સલામતી , સુરક્ષા અને સુખાકારીને સૌથી વધુ મહત્વ આપે છે.

. . . . . . . . . . . . .

# INDIA-SAUDI ARABIA

ભારત અને સાઉદી અરેબિયાએ રિયાધમાં ઉચ્ચસ્તરીય સુરક્ષા વાટાઘાટો યોજી હતી. વાટાઘાટો દરમિયાન, બંને દેશોએ આતંકવાદ વિરોધી અને પ્રાદેશિક સુરક્ષા પર સહયોગ માટે તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ આપી હતી. ભારતે સંયુક્ત આરબ અમીરાત સાથે વ્યૂહાત્મક સંરક્ષણ ઉદ્દેશ પત્ર પર હસ્તાક્ષર કર્યાના દિવસો પછી આ વાટાઘાટો થઈ હતી.

. . . . . . . . . . . . . .

# CJI INITIATIVE

મુખ્ય ન્યાય મૂર્તિ સૂર્યકાન્તે આજે ન્યાયતંત્રની કાર્યક્ષમતા વધારવા અને કેસોનો ભરાવો ઘટાડવા માટે અનેક ટેકનોલોજી -આધારિત વહીવટી પહેલોની જાહેરાત કરી. મુખ્ય ન્યાયમૂર્તિએ વિવિધ વડી અદાલતો સાથે ડિજિટલ ભાગીદારી શરૂ કરી. આ પદ્ધતિ હેઠળ, નીચલી અદાલતો અને વડી અદાલતોના આદેશોને ડિજિટલી અપડેટ કરવામાં આવશે અને બધી અદાલતોમાં પ્રદર્શિત કરવામાં આવશે. આનાથી વડી અદાલત અને સર્વોચ્ચ અદાલત બંને સ્તરે પેન્ડિંગ કેસોનો વ્યાપક ડેટાબેઝ બનશે . શ્રી સૂર્યકાન્તે વહીવટી હેતુઓ માટે એક સંકલિત ઓનલાઈન ચુકવણી પદ્ધતિ શરૂ કરવાની પણ જાહેરાત કરી.

. . . . . . . . . . . . .